# ઈરીગેશન અને ડ્રેનેજ ઈજનેરી વિભાગ
# કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ
# આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા

## <u>અનુબંધમ વેબ પોર્ટલની માહિતી અંગેનો સેમીનાર</u>

રાજ્યના રોજગારવાંચ્છુ યુવાનોના લાભાર્થે "અનુબંધમ" વેબ પોર્ટલ (https://anubandham.gujarat.gov.in) તથા મોબાઈલ એપનું લોકાર્પણ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આથી,અનુબંધમવેબ પોર્ટલની માહિતી તેમજ સદર પોર્ટલમાં જોબ સીકર તરીકે રજીસ્ટ્રેશન કરવા અંગેનો ઓનલાઈન તેમજ ઓફ્લાઇન સેમિનાર પ્રવર્તમાન કોવીડ-૧૯ અંગેની સરકારશ્રીની ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન કરતાં તાલીમ અને રોજગાર એકમ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા-પંચમહાલના સંયુક્ત ઉપક્રમે અત્રેની કોલેજ ખાતે તા.૧૫/૦૯/૨૦૨૧ના રોજ ૧૧.૦૦ કલાકે પરીક્ષા ખંડમાં યુ.જી. અને પી.જી. વિદ્યાર્થીના લાભાર્થે યોજાયેલ.

કાર્યક્રમની શરૂઆતમાં અત્રેની કોલેજના ડો. પંકજ ગુપ્તા, ઇન્ચાર્જ આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીએ અનુબંધમવેબ પોર્ટલ અંગે ટૂંકમાં માહિતી આપી. ત્યાબાદ કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી રાકેશભાઈ સેવક, કેરિયર કાઉન્સેલર, જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા-પંચમહાલ દ્વારા વિદ્યાર્થીઓના જોબ સીકર તરીકે રજીસ્ટ્રેશન કરી સદર પોર્ટલમાં નોકરી અરજી કરીને નોકરી મેળવવા અંગેની તમામ માહિતી વિસ્તૃતમાં આપવામાં આવેલ. તથા ત્યાર બાદ વિદ્યાર્થીના સદર પોર્ટલને લગતા પ્રશ્નોનું પણ સમાધાન આપવામાં આવેલ. અંતે ડો. એમ.કે.તિવારી, મદદનિશ પ્રાદ્યાપક અને વિભાગીય વડા (ઈરીગેશન અને ડ્રેનેજ ઇંજિનિયરીંગ વિભાગ) તથા ઇન્ચાર્જ (તાલીમ અને રોજગાર એકમ), કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા દ્વારા આભાર વિધિ કરવામાં આવી. સદર કાર્યક્રમનું સંચાલન ઈજ. એસ.બી.સુર્યવંશી, સિનિયર રીસર્ચ આસિસ્ટન્ટ, ઈરીગેશન અને ડ્રેનેજ ઇંજિનિયરીંગ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા દ્વારા કરવામાં આવેલ. સદર સેમિનારમાં ૪૯ વિદ્યાર્થીઓ ઓફ્લાઇન અને ૨૫ વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી લાભન્વિત થયેલ. અંતે સૌનો આભાર માની કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો.

<u>**કાર્યક્રમની ઝાંખી**</u>











આઉટરિચ પ્રોગ્રામ